# મોડાસામાં વાહનચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ : ટ્રાફિક પોલીસ-નગરપાલિકાનું મૌન





(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરને જિલ્લાનું વડુમથક હોવાથી અને લગ્નસરાની સીઝન હોવાથી મોડાસા શહેરમાં જિલ્લાના પ્રજાજનો ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર લઈને ખરીદી કરવા અને સરકારી કામકાજ અર્થે આવતા હોવાથી મોડાસા શહેરમાં ટ્રાફિક વધુ જોવા મળી રહ્યો છે. તેમજ ખાનગી વાહનચાલકો માટે યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી મુખ્ય માર્ગ પરજ વાહન લોક મારીને જતા રહેતાં વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે.

મોડાસાના ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ એરીયા અને બસસ્ટેન્ડ એરીયાથી કલેક્ટર કચેરી સુધી ખાનગી વાહનચાલકો પોતાના વાહનો મનફાવે તેવી જગ્યાએ લોક મારીને જતા રહેતા હોવાથી વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. લગ્નસરાની સીઝન હોવાથી જિલ્લાના પ્રજાજનો ખરીદી કરવા ઉમટી પડતાં હોવાથી અને ખરીદી કરવા પોતાના માલીકીના વાહનો લઈને આવતા હોવાથી તેમજ મોડાસામાં કોમ્પ્લેક્ષોમાં પાર્કીંગની સુવિધા ન હોવાથી મુખ્ય માર્ગ પર પાર્ક કરીને જતા રહેતા હોય છે. ત્યારે મોડાસા શહેરમાં રહેતા પ્રજાજનોને મોડાસા શહેરમાં ચાલવામાં પણ મુશ્કેલી નડતી હોય છે. તેમજ ટ્રાફિક જામના દશ્યો મીનીટે મીનીટે જોવા મળતા હોય છે. તેમ છતાં મોડાસા ટ્રાફિક પોલીસ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. તેમજ નગરપાલિકા વહીવટીતંત્ર પણ ટ્રાફિક બાબતે સૂચક મૌન ધારણ કરતાં મોડાસાના નગરજનો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા શહેરની વિવિધ સંસ્થાઓ જેવી કે જાયન્ટસ ગ્રુપ, જેસીજ મીલ્ક કમીટી, મારૂતિ વિકાસ મંડળ, જે.સી.આઈ. તેમજ મોડાસાની શૈક્ષણિક સંસ્થા મોડાસા કેળવણી મંડળ દ્વારા વારંવાર કલેક્ટર ઓફિસ અને નગરપાલિકામાં રજુઆત કરાઈ હોવા છતાં ટ્રાફિકની જાળવણી અંગેના કોઈ નક્કર પગલાં ભરવામાં ન આવતાં મોડાસાની ટ્રાફિક સમસ્યા પ્રજાજનો અને મુખ્ય માર્ગ પર ધંધા-રોજગારની દુકાન ધરાવતા માલિકો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે.

# મેઘરજ તાલુકાના રેલ્લાવાડામાં કૃષિ મહોત્સવ મેળામાં પાણીના મુદ્દે હોબાળો

ઈસરી, તા. ૨૬

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં રેલ્લાવાડા, નવાગામ, ઈસરી, કંટાળુ સહિત બીજા અનેક ગામડાના ખેડૂતો માટે કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક શાળાની બહેનોએ કૃષિ મેળામાં આવેલા મહેમાનો અને અધિકારીઓનું સ્વાગત કર્યુ હતુ.

રેલ્લાવાડા ગામમાં યોજાયેલા કૃષિ મેળાનું આગોતરા આયોજન અંગે ગામડાઓમાં જાણ કરવામાં ન આવતાં કષિ મહોત્સવમાં ભૂમીપુત્રો અને પ્રજાજનોની પાંખી હાજરી જોવા મળી હતી. કૃષિ મેળામાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આધુનિક ખેતી પદ્ધતિ, ટપક સિંચાઈ, જંતુનાશક દવાઓ, નિગમના બિયારણો, ખાતર પિયત વિષે ખુબ જ વિસ્તૃત રીતે ખેડૂતોને સમજ આપવામાં આવી હતી. કૃષિ મહોત્સવમાં કિસાન સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનો અને અધિકારીઓને રેલ્લાવાડા પંથકના ભૂમીપુત્રોને પડતી વિવિધ સમસ્યાઓની રજુઆત કરી હતી. જેમાં રેલ્લાવાડા પંથકમાં પીવાના પાણીની અછત અંગે ચર્ચા કરતાં અને ભૂમીપુત્રોએ અપુરતા પાણી અને વિજ કનેકશન અને વીજળીની અછત અંગે હોબાળો કરતાં અને હેડપંપની હાલત નકામા બની ગયાની રજૂઆત કરતાં કૃષિમેળામાં ઉપસ્થિત અધિકારીઓએ પ્રશ્નોના નિરાકરણ માટે હૈયાધારણ આપતા મામલો શાંત પડ્યો હતો.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

કૃષિ મહોત્સવમાં મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખ જયંતિકાબેન, તાલુકા અમલીકરણ અધિકારી કે.આર. પટેલ તેમજ મોડાસા અને મેઘરજના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કૃષિ મહોત્સવમાં ખેડૂત આગેવાનો, આંગણવાડીની બહેનો અને આશાવર્કર બહેનો ઉપસ્થિત રહી હતી.

# શામળાજી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પર બુટલેગરે ફરીથી ગાડી ચડાવી કચડી નાખવાનો પ્રયાસ : કોન્સ્ટેબલ ગંભીર

શામળાજી, તા.૨૬

શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. વાળા પર ગાડી ચડાવી મૃત્યુ નિપજાવવાની ઘટનાની શાહી સૂકાઈ નથી ત્યાં આજે પોલિસ સ્ટેશનના કોન્સ્ટેબલ પર ગાડી ચડાવીને મારી નાખવાનો બીજો પ્રયાસ થતાં ભારે ચકચાર પ્રસરી છે. ગંભીર રીતે ઘાયલ કોન્સ્ટેબલને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. આ ચકચારી ઘટનાને પગલે અરવલ્લી જિલ્લા પોલિસ વડા ખાનગી હોસ્પિટલ પહોંચ્યા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર શામળાજી પોલિસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા શામળભાઈ વાલજીભાઈ દેસાઈ પોતાની ફરજ બસ સ્ટેન્ડ પર બજાવી રહ્યા હતા ત્યારે રાજસ્થાન સરહદમાંથી વિદેશી દારૂ ભરીને આવતી ગાડીને રોકવાનો પ્રયાસ કરતાં બુટલેગરે કોન્સ્ટેબલને અડફેટે લઈ કોન્સ્ટેબલ પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં કોન્સ્ટેબલે સમય સૂચકતા વાપરતાં બૂટલેગરનો મનસૂબો બર આવ્યો ન હતો અને દારૂ ભરેલ ગાડી જમણા પગ પર ચડી જતાં કોન્સ્ટેબલ ઈજાગ્રસ્ત બન્યો હતો જેને સારવાર અર્થે શામળાજીની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તાત્કાલિક મોડાસાની ખાનગી હોસ્પિટલ આશિષ ઓર્થોપેડીકમાં દાખલ કરવામાં આવ્યો છે જયાં અરવલ્લી જિલ્લા પોલિસ વડા મયુર ચાવડા, ટાઉન પી.આઈ. કે.જે.ચૌધરી તાત્કાલિક પહોંચી ગયા હતા. અને કોન્સ્ટેબલની જરૂરી તમામ મદદ કરવાની હૈયાધારણા આપી હતી. આ લખાય છે ત્યાં સુધી દારૂની ગાડી લઈને આવનાર બુટલેગર શામળાજીના ડુંગરોમાં ગાડી સાથે કયાંક ગુમ થઈ ગયો હોવાથી શામળાજી પોલિસ બુટલેગરને ઝડપી પાડવા ડુંગરો ખેડી રહ્યા છે. આમ શામળાજી પી.એસ.આઈ. એ.કે. વાળાનું બુટલેગરોએ મોત નિપજાવ્યા બાદ કોન્સ્ટેબલ પર બીજો હુમલો થયો છે. આમ અરવલ્લીમાં પોલિસ સલામત ન હોય તો પ્રજાની દશાની શું વાત કરવી?






(તસવીર : જય અમીન, મોડાસા)

# રતનપુર પાસેથી રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી સહિત ત્રણ શખ્સો નશો કરેલી હાલતમાં પકડાયા

હિંમતનગર, તા. ૨૬

શામળાજી નજીક આવેલા રતનપુર ચેકપોસ્ટ પાસેથી શનિવારે રાજસ્થાનથી નશો કરી કાર લઈ આવતા ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ અને વર્તમાન મંત્રીને અન્ય બે શિક્ષકો સાથે શામળાજી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ રાજકીય ક્ષેત્રે વગ ધરાવતા શિક્ષણ જગત સાથે સંકળાયેલા આ મહાનુભાવને રવિવારે વહેલી સવારે જમીન ઉપર છોડાયા હતા.

શામળાજી પોલીસના જણાવ્યા પ્રમાણે શામળાજી પોલીસના મગનભાઈ સ્ટાફ સાથે શનિવારે મોડી સાંજે રતનપુર ચેકપોસ્ટ ઉપર રાજસ્થાનથી આવતા વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા. દરમિયાન રાજસ્થાનથી આવતી કાર નં.જીજે.૦૧. એચ.એમ. ૪૫૪૬ ને તપાસ અર્થે ઉભી રખાવી હતી. ત્યારબાદ કારમાં તપાસ કરતા તેમાં બેઠેલા ત્રણ શખ્સો દારૂ પીધેલા હોવાનું જણાયું હતું. જેથી પોલીસે ત્રણેય શખ્સોની અટકાયત કરી હતી અને તપાસ કરતા પકડાયેલ ત્રણ શખ્સો પૈકી એક રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ અને હાલ સંઘમાં મંત્રી હોવાનું જણાવાયુ હતું. તેમજ મોડાસા ધનસુરા તાલુકા ટીચર્સ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીના ચેરમેન અને અન્ય બે શખ્સો મોડાસા તાલુકામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાનું જણાયું હતું. આ અંગે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શિક્ષક આલમમાં ખબર પડતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે શિક્ષણ જગત સાથે સંકળાયેલ રાજકીય વગ ધરાવતા ત્રણેય શખ્સોને રવિવારે વેહેલી સવારે જામીન ઉપર છોડી મુક્યા હોવાનું શામળાજી પોલીસના પીએસઓ અશોકભાઈએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનેક પ્રયાસો કરાઈ રહ્યા છે ત્યારે શિક્ષકોને અવારનવાર તાલીમ આપીને કરોડો રૂપિયાનો ખર્ચ કરાઈ રહ્યો છે ત્યારે જો ખુદ શિક્ષકો અને સંગઠનના અગ્રણીઓ વ્યસની બની જશે તો બાળકોને કેવા સંસ્કાર આપશે તેવું પ્રજામાં ચર્ચાઈ રહ્યુ છે.



અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલા મેશ્વો ડેમમાંથી આજે બપોરે ૨ વાગ્યાની આસપાસ યુવતીનો મૃતદેહ તરતો હોવાની જાણકારી શામળાજી પોલીસને મળતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોચી તપાસ કરતાં ભીલોડા તાલુકાની હિંમતપુર ગામની રોશનીબેન જીવાભાઈ ભગોરા (ઉં.વ.૧૯ વર્ષ) હોવાની કોલેજના આઈ.ડી. કાર્ડ પરથી જાણવા મળ્યુ હતુ. આ યુવતી અમદાવાદ નજીક એક કોલેજમાં અભ્યાસ કરતી હોવાનું અને યુવતીએ આત્મહત્યા કે કોઈએ યુવતીની હત્યા કરીને લાશ ફેકી દીધી છે તે દિશામાં શામળાજી પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. યુવતીનો મૃતદેહ પી.એમ. માટે શામળાજી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપવામાં આવી હતી. (તસવીર : ધ્રુવ પ્રણામી)

# મોડાસાના બોડી ગામે ખેતરમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોડાસા-હિંમતનગર રાજય ધોરી માર્ગે મેઢાસણ ગામની નજીક અને પોલિસ જવાનોના ગામ તરીકે જાણીતા બોડી ગામમાંથી મોડાસા રૂરલ પોલિસે મળેલી બાતમીના આધારે ઓચિંતી રેડ પાડીને ખુલ્લા ખેતરમાંથી વિદેશી દારૂ રૂ. ૧૨,૦૦૦નો જથ્થો ઝડપી પાડી પ્રોહીબીશન એકટ મુજબ એક વ્યકિત વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા તાલુકાના મોડાસા-હિંમતનગર રાજય ધોરી માર્ગે મેઢાસણ ગામની નજીક આવેલી બોડી ગામની સીમમાં આવેલા ખેતરમાં સ્મશાનની બાજુમાં અને રફટુ નામે જાણીતા ભુદર ઉર્ફે ભવાનસિંહ અમરતસિંહ મકવાણા (રહે. બોડી) નામનો શખ્સ મેઢાસણ અને આજુબાજુના પંથકમાં વિદેશી દારૂનું વેચાણ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે કરતાં આ અંગેની બાતમી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાને મળતાં આજે વહેલી સવારે ઓચિંતી રેડ કરતાં પોતાના ખેતરમાં એરંડાની સોઠીઓ નીચે સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલો ૭ તથા બિયરના ટીન મળી કુલ ૮૫ નંગ કિંમત રૂ. ૧૨૦૦૦નો જથ્થો ઝડપી પાડયો હતો. મોડાસા રૂરલ પોલિસ આરોપીને ઝડપી પાડવા વહેલી સવારે છાપો મારતાં વિદેશી દારૂનું ગેરકાયદેસર વચાણ કરતો ભુદર નાસી છુટયો હતો. જે અંગે મોડાસા રૂરલ પોલિસે નાસી છૂટેલા આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડી જેલને હવાલે ધકેલવા ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JKTYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧